જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૧૦/૨૦૨૩   રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## પી.સી.બી.

### સરખેજ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ ટ્રાંસપોર્ટ ગોડાઉનમાં પતરાના કલરના ડબ્બાઓની આડમાં સંતાડેલ ઉંચા બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ-૪૧૨ કિ.રૂ.૬,૫૫,૦૮૦/- મળી કુલ્લે રુપિયા ૧૩,૭૬,૦૮૦/ ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૨૧.૧૦.૨૦૨૩ ના રોજ સ્ટાફના પો.સબ.ઈન્સ.શ્રી વી.જી.ડાભી, પો.સબ.ઈન્સ.શ્રી બી.આર.ક્રિશ્ચીયન તથા મ.સ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪,અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.મનહરસિહ નહારસિહ બ.ન. ૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સરખેજ ઉજાલા સર્કલ પાસે સાગર એસ્ટેટની અંદર આવેલ એસર ગ્રીન કેરીઝ પ્રા.લી. નામના ગોડાઉનની આગળ પડેલ કલરના પતરાના ડબ્બાઓમા કલરના પાઉચ નીચે લાકડાના ભુસામાં સંતાડેલ ઉંચા બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ ૪૧૨ કિ.રૂ.૬,૫૫,૦૮/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૩,૭૬,૦૮૦/-ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને પકડી લઈ તેમની તથા અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરખેજ પો.સ્ટે. ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૪૮૨૩૦૮૯૨૪/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૮૩,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નોંધ:** આ કામનાં પકડાયેલ આરોપીઓ પૈકી માધુસિહ દેવીસિહ રાજપુત નાએ નહી પકડાયેલ આરોપીઓ લક્ષ્મણસિહ સિસોદિયા તેમજ ઈશ્વર રાજપુત નાઓ પાસેથી વિદેશી દારુનો જથ્થો મંગાવતા તેઓએ દિલ્હી ખાતે આવેલ શ્રીરામ એન્ટરપ્રાઈઝ નામની કંપનીના નામે કલરના પતરા ડબ્બાઓની આડમાં કલરના ડબ્બામાં પાઉચ તેની નીચે લાકડાના ભુસામાં વિદેશીદારુની સીલબંધ બોટલો મુકી સંતાડી તેનુ પેકિંગ કરી પોલીસની નજરથી બચવા માટે ટ્રાસંપોર્ટરને પણ ખબર ન પડે તેરીતે ટ્રાંસપોર્ટ મારફતે મંગાવી વિદેશીદારુની હેરાફેરી કરતા હતા.

**પકડાયેલ આરોપીઓ :** (૧) માધુસિંહ દેવીસિંહ રાજપુત રહે.૧૦૩, ગણેશાય રેસીડેન્સી, સંતરામવાડી પાસે, કરમસદ, જી- આંણદ (૨) રજાકખાન મજીદખાન પઠાણ રહે.બાકરોલ કોલોની, મહાદેવ મંદિરની સામે, બાકરોલ, તા.જી.- આંણદ (૩) રિઝવાન @ લાલો સફીમહંમદ વોરા (સુન્ની) રહે. બાકરોલ કોલોની, મહાદેવ મંદિરની સામે, બાકરોલ, તા.જી.- આંણદ

**નહી પકડાયેલ આરોપી :** (૧) અશોક બારોટ રહે.ગામ- મલાણા બનાંસકાંઠા (૨) લક્ષ્મણ લાલસિંહ સિસોદિયા રહે. ગામ- અઠવાસ તા.- સરાડા જી.-ઉદેપુર રાજસ્થાન (૩) ઈશ્વર રાજપુત રહે.સદર
ગુનાની જગ્યા : સરખેજ ઉજાલા સર્કલ પાસે સાગર એસ્ટેટની અંદર આવેલ એસર ગ્રીન કેરીઝ પ્રા.લી. નામના ગોડાઉનની આગળ જાહેરમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલો નંગ ૪૧૨ કિ.રુ.૬,૫૫,૦૮૦/- (૨) મો.ફોન નંગ ૩ કિ.રુ.૨૧,૦૦૦/ (૩) બ્રેજા કાર નંબર GJ-24-AF-5408 કિ.રુ.7,00,000/- (૪) ૨ ફુટના પતરાના પીપળા(ડબ્બા) નંગ ૫૨ કિ.રુ.૦૦ મળી કુલ્લે રુપિયા રુપિયા ૧૩,૭૬,૦૮૦/ ની મત્તાનો મુદામાલ

## નરોડા પોલીસ સ્ટેશનઃ

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મેસપોલી. કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (1) નરોડા પો.સ્ટે.પાર્ટ:એ:ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૩૦૦૭૫/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (2) નરોડા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૩૦૩૭૦/૨૦૨૩ ઇ.પી.કો. કલમ: ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબ (3) નરોડા પો.સ્ટે.પાર્ટ:એ: ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૩૦૪૪૨/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧), ૫૦૬(૨) મુજબ (4) નરોડા પો.સ્ટે.પાર્ટ:એ:ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૩૧૨૯૯/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ મુજબ (5) નરોડા પો.સ્ટે. પાર્ટ:એ: ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૩૧૫૯૯/૨૦૨૩ ધી ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૫૮૩/૨૦૨૩ તા.૨૧/૧૦/૨૦૨૩ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૧/૧૦/૨૦૨૩ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૧/૨૧/૨૦૨૩

## આરોપીનુ નામ -

આદર્શ ઉર્ફે વનરાજ ઉર્ફે દેવરાજ સ/ઓ રામમુરતસિંગ રાજપુત ઉ.વ.૨૧ રહે: મનં.૬/૫૮ કામધેનુ એપાર્ટમેન્ટ, લાયન્સ કલબ સ્કુલ પાસે, નરોડા જી.આઇ.ડી.સી., નરોડા, અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એસ.ટી.દેસાઇ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

**<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૮/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૪૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૭૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૬ બીયરટીન, ૦૨ કાર, ૦૧ રીક્ષા અને ૦૭ ટુ વ્હીલર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૯/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૦/૨૦૨૩</u>**

**“એ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** શુશિલાબહેન વા/ઓ ચંદ્રકાંતભાઇ મહેતા (ઉ.વ.૭૯)(રહે.ચંચળબાગ સોસાયટી, રન્નાપાર્ક બસ સ્ટેન્ડ સામે, ઘાટલોડીયા) તા.૨૧/૧૦/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પતિ ચંદ્રકાંતભાઇ સાથે ટુ વ્હીલર પાછળ બેસી ઘાટલોડીયા સૌરભ સ્કુલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડીએક્સ.૧૨૯૧ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ચંદ્રકાંતભાઇના ટુ વ્હીલરને ટક્કર મારતા, ચંદ્રકાંતભાઇને શરીરે સામાન્ય ઇજા થઇ હતી તેમજ શુશિલાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૨૫ વાગે શુશિલાબહેનનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર શુશિલાબહેનના પુત્ર નેહલ મહેતા એ “એ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૧/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નુરમોહન્મદ ઇબ્રાહિમભાઈ દુધવાલા (ઉ.વ.૫૮)(રહે.સોદાગરની પોળ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૩ રાતના ૯/૫૦ વાગ્યા પહેલા નદીના પશ્ચિમ કિનારે એલિસબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી